EDII

Divya Bhaskar

September 22, 2023
Page No.04
Of City Bhaskar

# EDII અને DEPwD 3 હજાર દિવ્યાંગોને સશક્ત બનાવશે

ગાંધીનગર: આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) અને ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DEPwD)એ 3 હજાર દિવ્યાંગોને સશક્ત કરવા માટે ભાગીદારી કરી. જેમાં 1500 ટેકનોલોજી સંચાલિત તથા 1500 જનરલ આંત્રપ્રિન્યોર સહિત 3 હજાર એન્ટરપ્રાઈઝથી દિવ્યાંગોને સશક્ત કરાશે. દિવ્યાંગોના નેતૃત્વ હેઠળના 3 હજાર આંત્રપ્રિન્યોર બનાવવા માટે દિવ્યાંગોને કોમ્યુનિટી માટે અવેરનેસ પ્રોગ્રામ, વિકલાંગતા ધરાવતા બાળકો માટે ઈમર્સિવ લાઈફ સ્કિલ્સ, દિવ્યાંગો માટે વ્યવસાયની તકો મેળવવી, સેન્સિટાઈઝેશન વર્કશોપ, ક્રેડિટ લિંકેજ સપોર્ટ અપાશે. તે ઉપરાંત આંત્રપ્રિન્યોર ગ્રોથ બેરોજગાર દિવ્યાંગોને તેમનો વ્યવસાય સ્થાપિત કરવા સક્ષમ બનાવવા માટે માઈક્રો સ્કિલપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમએસડીપી) પણ કરાશે. કાર્યક્રમમાં EDIIનાં DG ડૉ. સુનિલ શુક્લા ઉપસ્થિત રહ્યાં હતાં.